## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હાર જીતના પ્રશ્નજ નથા. આપણ તા અમ ખુશ થવાનુ કે હજુ ચુંટણી પ્રયા અમલમાં છે...!!



ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીની પાસે જ પાણીનો નળ લીકેજ છે. આખો દિવસ તેમાંથી પાણી વહેતા હજ્જારો લીટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. મનપાની કચેરીની બહાર જ અધિકારીઓના નજરોની સામે જ દરરોજ હજ્જારો લીટર કિંમતી પાણીનો વેડફાટ થઈ રહ્યો હોવા છતાં આ સમસ્યાનો ઉકેલ આવતો નથી.



ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં મતવિસ્તારના માધવગઢ ગામ ખાતે રસ્તાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં ધારાસભ્ય શંભુજી ઠાકોર ના સ્વ હસ્તે ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# “બાતમી કેમ આપી ?” કહી ચાર શખ્સો યુવક પર તુટી પડ્યા

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટર-૩૦ ચીપટાઈપ શોંપીગ પાસે ગઈકાલે રાત્રીના સમયે એક યુવકને દારૂના કેસની બાતમી કેમ આપી તેમ કહી ચાર શખ્સોએ ગાળાગાળી કરી લાકડાના ધોકા શરીરે માર્યા હતા.જયારે જયારે વિકાસ નામના શખ્સે યુવકના મોંઢા તેમજ કાનના ભાગે પથ્થર વડે ઈજા પહોંચાડી હતી.જયારે શખ્સોએ જતા જતા હવે પછી બાતમી આપીશ તો જીવતો નહી છોડુ તેવી ધમકી આપતા ઈજાગ્રસ્ત યુવકની બહેને સેકટર-૩૦ ખાતે રહેતા કિશન ગોરખા, રાજુ બોડાત, મંથન સોલંકી અને વિકાસ સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૩૦ બી ટાઈપ બ્લોક નં.૬૩૬-૫ ખાતે રહેતા શમિતા રાઠોડ માતા-પિતા અને બે ભાઈઓ સાથે રહે છે.જયારે તેણીના પિતા બીએસએફ ચિલોડા ખાતે નોકરી કરે છે.જયારે હાલ બિમાર હોવાથી ઘરે છે. ગતરોજ રાત્રીના સમયે ફરીયાદીના બંન્ને ભાઈઓ ઘરે રડતા રડતા આવ્યા હતા. જયારે ફરીયાદીના સૌથી નાના ભાઈ ઈન્દ્રેશને મોંઢાના ભાગે ઈજા પહોંચતા પુછપરછ કરી હતી. જેથી તેણે જણાવ્યું હતું કે રાત્રીના આશરે સાડાબાર વાગે હું મારા મિત્ર સાથે સેકટર-૩૦ ચીપટાઈપ શોંપીગ પાસે બેઠો હતો. તે સમયે પરિચિત મિત્રો વિકાલ સોલંકી, મંથન સોલંકી, રાજુ બોડાત, અને કિશન ગોરખા (તમામ રહે સેકટર-૩૦) અલ્ટો ગાડી લઈને આવ્યા હતા. તેઓએ ઈન્દ્રેશને ગાડીમાં બેસી જા આપણે ચા પીને આવીએ તેમ કહેતા તે ગાડીમાં બેસી ગયો હતો. ત્યારબાદ ગાડી શોંપીગથી સામાન્ય આગળ જઈને ઉભી રાખી હતી. ત્યારપછી મંથન સોલંકીએ યુવકને કહ્યું કે મારા પર થયેલા દારૂના કેસ ની માહિતી તે કેમ આપી હતી, તેમ કહેતા યુવકે જણાવ્યું હતું કે મે કોઈ બાતમી આપી નથી કે તે અંગે હુ કાઈ જાણતો નથી. જેથી મંથન સોલંકી, વિકાસ સોલંકી, રાજુ બોડાત અને કિશન ગોરખા ઉશ્કેરાઈ જઈને ગાળાગાળી કરી હતી. ત્યારબાદ રાજુ બોડાતે ગાડીમાંથી લાકડાનો ધોકો કાઢી યુવકને પીઠના ભાગે અને પગના ભાગે માર્યો હતો. જયારે વિકાસે પથ્થર વડે મોંઢાના ભાગે મુઢ માર માર્યો હતો. કિશન ગોરખાએ પણ યુવકને મારતા તેણે કોઈ બાતમી આપી ન હોવાનું જણાવતા આખરે ચારેય શખ્સોએ યુવકને ગાડીમાં બેસાડી સેકટર-૩૦ ચીપટાઈપ શોંપીગ પાસે લાવી યુવકના ભાઈને ફોન કરી બોલાવી ચારેય જણા રફુચકકર થઈ ગયા હતા. જયારે જતા જતા પણ હવે પછી બાતમી આપીશ તો તને જીવતો નહી છોડું, તેમ કહી ચારેય જણા નાસી ગયા હતા. જયારે ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે સિવિલ લઈ ખસેડાયો હતો. જયારે બનાવ અંગે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● પ્રધાનમંત્રી મોદીના વર્ચ્યુઅલ કાર્યક્રમનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ મહાત્મા મંદિરમાં યોજાવાનો હોવાથી તંત્ર તંની તૈયારીમાં ગળાડુબ બન્યુ છે.

● ગ્રામ વિકાસ કમિશનર સુશ્રી સોનલ મિશ્રા મહાત્મા મંદિરની તૈયારીઓની સમીક્ષા માટે મહાત્મા મંદિર પહોંચ્યા હતા.

● પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેબ. ટેકની. સંવર્ગની ભરતી માટેના પ્રોવિઝનલ મેરીટ લીસ્ટના ઉમેદવારોના પ્રમાણપત્રની ચકાસણી તેના અંતિમ તબક્કામાં પહોંચી છે.

● આજે ગરીબ કલ્યાણ સંમેલન તેમજ ૧લી અને ૨ જૂનના રોજ દેશના શિક્ષણમંત્રીઓની પરિષદને લઈ ગાંધીનગર તૈયારીમાં વ્યસ્ત વધુ બન્યુ છે.

● ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા માટે ૯મી જૂન સુધીમાં આવેદન ભરી શકાશે તેમ બોર્ડની યાદીમાં જણાવાયુ છે.

● શાળાઓનું વેકેશન તેના અંતિમ તબક્કામાં પ્રવેશતાં જ અધિકારીઓ અને કર્મચારીઓ રજા મેળવવા દોડાદોડી કરતા જણાયા છે.

● ગાંધીનગરના સે. ૫ માં આવેલા બગીચામાં અસામાજિક તત્વોએ બાંકડા ઊંધા પાડી દેતા નાગરિકોમાં રોષની લાગણી જન્મી છે.

● ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં કપિરાજના તાંડવ વધતાં વસાહતીઓમાં ભયની લાગણી જન્મી છે.

● આજે તમાકુ વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવશે.

## સમસ્ત વાલ્મીકી સમાજ ગુજરાત દ્વારા પડતર માંગણીઓ મુદ્દે મુખ્યમંત્રીને રજુઆત

### પડતર પ્રશ્નોનું નિરાકરણ ૧૫ દિવસમાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની વાલ્મીકી સમાજની ચિમકી

ગાંધીનગર, તા.૩૦

છેલ્લા કેટલાક સમયથી રાજયના વાલ્મીકી સમાજની ૮ જેટલી પડતર માંગણીઓ છે. જેનો આજદિન સુધી સરકાર દ્વારા ઉકેલ લાવવામાં આવ્યો નથી.વાલ્મીકી સમાજની મુખ્ય માંગણીઓમાં રાજયની તમામ નગરપાલિકા તેમજ મહાનગર પાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓને કાયમી કરવા, સફાઈની કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરવામાં આવે. જયારે સમસ્ત વાલ્મીકી સમાજ ગુજરાતના હોદેદારોએ આજે રાજયના મુખ્યમંત્રીને મળીને પોતાની પડતર માંગણીઓ મુદ્દે લેખિત રજુઆત કરી હતી. જો પંદર દિવસમાં સરકાર દ્વારા કોઈ હકારાત્મક નિર્ણય નહી આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી પણ વાલ્મીકી સમાજ ગુજરાતના પ્રમુખ જીતુ બારૈયા દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

રાજયના વાલ્મીકી સમાજના ભાઈ બહેનો વર્ષોથી પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલા છે. ત્યારે વાલ્મીકી સમાજના પ્રાણ પ્રશ્નોમાં ગ્રામ પંચાયત, નગરપાલિકાઓ અને મહાનગર પાલિકાઓમાંથી તાત્કાલીક ધોરણે સફાઈની કોન્ટ્રાક પ્રથા નાબુદ કરવામાં આવે, પાલિકાઓમાંથી રોસ્ટર પ્રથા નાબુદ કરી સફાઈ કામદારોની સીધી ભરતી કરવામાં આવે. કર્મચારી નિવૃત થાય એટલે તેના આશ્રિતોને રહેમરાહે નોકરી, ગ્રામ પંચાયત, તાલુકા -જિલ્લા લેવલે કામદારોને મકાન ફાળવવા, વાલ્મીકી સમાજમાં શિક્ષણ વ્યાપ વધે તે માટે ૨ ટકા અનામત ફરીવાર શરુ કરવામાં આવે, રાજયમાં ગ્રામ પંચાયત, મહાનગર પાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓને લઘુતમ વેતન મુજબ પગાર ચુકવવો સહિતનો સમાવેશ થાય છે.

## અમિયાપુર મોટા ઠાકોરવાસ ખાતે રહેતા પરિવારને ચાર શખ્સોએ માર માર્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક અમિયાપુર ગામે મોટા ઠાકોરવાસ ખાતે પ્રેમ સંબંધના મુદ્દે ચાર શખ્સોએ એક પરિવારના ત્રણ સભ્યો પર લાકડી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા સારવાર માટે લઈ જવાયા હતા. જયારે બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ૪ ઈસમો સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગતરોજ બપોરના સુમારે અમિયાપુર ઠાકોરવાસમાં રહેતા રાજેશ રામાજી ઠાકોરના ઘરની પાછળ રહેતા નવીન છગુજી ઠાકોર, કાળા નવીનજી ઠાકોર, શંકર છગુજી ઠાકોર અને લાલા જવાનજી ઠાકોર સામે માર મારી જાનથી મારી નાંખવાની ધમકીની ફરીયાદ નોંધાઈ છે.જયારે ફરીયાદ મુજબ પોતાના સંબંધીની એક દિકરીના પ્રેમ સંબંધ મુદ્દે ઉપરોકત શખ્સોએ ઉશ્કેરાયા હતા. તેમને સમજાવવા જતા આ શખ્સો લાકડી વડે હુમલો કર્યો હતો. આ બનાવમાં રાજેશ ઠાકોર તેની દિકરી શિતલને ઈજા પહોંચાડી હતી. જયારે બંનને છોડાવવા માટે વચ્ચે પડેલી ભાભી કૈલાશબેનને પણ આ શખ્સોએ ગડદાપાટુનો માર માર્યો હતો. બનાવ પછી આ શખ્સોએ પ્રેમ સંબંધ ભુલી જવાનુ કહીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવમાં રાજેશ ઠાકોરની દિકરીને માથાના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાઈ હતી. બનાવ અંગે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ચિલોડા બ્રહ્માકુમારીઝ કેન્દ્રમાં આત્મનિર્ભર કિસાન સ્વર્ણિમ ભારતની શાન સંમેલન યોજાયું



ગાંધીનગર, તા. ૩૦

આઝાદીના અમૃત મહોત્સવ અને બ્રહ્માકુમારીઝના આઝાદીના અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારતની શાનની માર્ગદર્શીકા મુજબ ભારત સરકારના સંસ્કૃતિક મંત્રાલયની સાથે મળીને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય અને તેની ભગિની સંસ્થા રાજયોગ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનના કૃષિ અને ગ્રામ વિકાસ પ્રભાગ દ્વારા ગાંધીનગર જિલ્લાના મોટા ચિલોડા સેવા કેન્દ્ર ખાતે આત્મનિર્ભર કિસાન-સ્વર્ણિમ ભારત કી શાન વિષય ઉપર સંમેલન યોજાયું જેમાં ૧૫૦ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો. સંમેલનના અધ્યક્ષસ્થાને મંત્રી કૃષિ-પશુપાલન ગુજરાત રાજ્યના રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય અધ્યક્ષા બ્રહ્માકુમારી સરલા દીદીએ કિસાનોને રાસાયણિક ખેતીના દૂષપ્રભાવથી દૂર રહી પ્રાકૃતિક-શાશ્વત યોગીક ખેતી તરફ વળવા માટે પ્રોત્સાહિત કરતું પ્રવચન આપ્યું. રાજયોગી રાજુભાઈએ વિચારોના આદાન પ્રદાનથી ખેતીને નુકશાન કરતાં પશુ-પક્ષીઓને નાથી શકાય છે તે અંગે ઉદાહરણ સહીત યોગીક ખેતીનો વાર્તાલાપ કર્યો. નેહાદીદી અને કૈલાશદીદીએ શુભેચ્છા અને આર્શીવચન આપ્યાં. તારાદીદીએ મહેમાનોનો પરિચય કરાવ્યો અને ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ આભારદર્શન કર્યુ હતુ.



વિવિધ માંગણીઓને લઈને વીસીઈના કર્મચારીઓ સરકાર સામે દેખાવો કરવાની તૈયારીઓ કરી રહ્યા છે. અખબારભવન પાસે આ કર્મચારીઓ એકત્ર થયા હોવાની માહિતી પોલીસને મળતા પોલીસે ત્વરીત પગલાં લઈ તેમની અટકાયત કરવાની તૈયારીઓ શરૂ કરતાં કર્મચારીઓ વિખેરાઈ ગયા હતા.

## ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી ખાતે ત્રીજીએ “બાયોટેક્નોલોજીમાં કારકિર્દીના માર્ગો” વિષય પર ઓપન ડે ઈવેન્ટ કાર્યક્રમ યોજાશે

### જી.બી.યુ. ખાતે ચાલતા વિવિધ અભ્યાસક્રમો અંગે માહિતી અપાશે

ગાંધીનગર, તા. ૩૦

રાજયના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ હસ્તકની ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી ગાંધીનગર ખાતે આગામી તા. ૩ જુન ૨૦૨૨ના રોજ ‘‘બાયોટેકનોલોજીમાં કારકિર્દીના’’ માર્ગો વિષયક ઓપન ડે ઈવેન્ટનું આયોજન કરાયું છે. જેમાં યુનિવર્સિટી ખાતે બાયોટેકનોલોજી ક્ષેત્રે ચાલતા વિવિધ અભ્યાસક્રમો સંદર્ભે માહિતી આપવામાં આવશે એમ જી.બી.યુ.ના નાયબ રજીસ્ટ્રારની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર આ કાર્યક્રમમાં બાયોટેક્નોલોજીને લગતા કોર્સમાં સ્નાતક થયેલ વિદ્યાર્થીઓને જી.બી.યુ. ખાતે ચાલતા બાયોટેક્નોલોજીના અનુસ્નાતક (એમ.એસ.સી.) કોર્સ વિષે માહિતગાર કરવામાં આવશે. જેમાં બાયોટેકનોલોજીના ક્ષેત્રોમાં રહેલી કારકિર્દી અને વિકાસની તકો ઉપરની ચર્ચાઓ માટે ઉદ્યોગ જગત અને શિક્ષણ જગતના બાયોટેક નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન અપાશે.

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં સ્થપાયેલ જી.બી.યુ. નવીનતા કેન્દ્રિત યુનિવર્સિટી છે જે સામાજિક પડકારોને સંબોધવા માટેના સંશોધન આધારિત અનુસ્નાતક અને ડૉકટરલ અભ્યાસક્રમો ચલાવે છે. જી.બી.યુ.એ યુનિક અભ્યાસક્રમ અને અનુવાદાત્મક સંશોધન વિકસાવવા માટે યુનિવર્સિટી ઓફ એડિનબર્ગ, યુકે સાથે ભાગીદારી કરી છે. આ ઈવેન્ટ અંગેની વધુ માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટ https://gbu.edu.in નો સંપર્ક કરવા વધુમાં જણાવાયું છે.

## મિત્રના પૈસાની લેતી-દેતીના ઝઘડામાં વચ્ચે પડતા યુવકને માર પડ્યો

ગાંધીનગર, તા.૩૦

રણાસણ સર્કલ પાસે યુવરાજ હોટલમાં મિત્રને મળવા માટે નરોડાનો યુવક ગયો હતો. બંન્ને મિત્રો વાત કરી રહ્યા હતા તે સમયે હોટલમાં રોકાયેલા મિત્રની પૈસાની લેતીદેતી મામલે એક શખ્સ ઝઘડો કરી રહ્યો હતો. જેથી ઝઘડાની ના પાડતા શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો અને અન્ય શખ્સોને બોલાવી યુવકને ગડદાપાટુનો માર મારી માથાના ભાગે લાકડી મારતા ઈજા પહોંચી હતી. જયારે બનાવ અંગે યુવકે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નરોડા શ્રી રામ હાઈટ્સ ખાતે એ-૨-૪ ખાતે રહેતા સંજીવ ઉર્ફે સંજુ દિપકકુમાર હિંદુજા ટેક્ષી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે ગતરોજ સંજીવ પોતાના ઘરે હાજર હતો તે સમયે તેના મિત્ર બંટી સેવાણીનો ફોન આવ્યો હતો અને કહ્યું કે હું રણાસણ રીંગ રોડ સર્કલ પાસે એટલાન્ટા ટાવરમાં આવેલી હોટલ યુવરાજમાં રાકાયો છું તુ મને મળવા માટે આવ.જેથી સંજીવ રાત્રીના સાડા નવ વાગે હોટલ ખાતે ગયો હતો.બંને મિત્રો વાતચીત કરી રહ્યા હતા તે સમયે અચાનક બંટીનો મિત્ર રૂપેશ મખીજા આવ્યો હતો અને બંટી સાથે પૈસાની બાબતે ઝઘડો કરતો હતો. જેથી સંજીવે રૂપેશને ઝઘડો નહી કરવાનું કહેતા તે એકદમ ઉશ્કેરાઈ જઈને ગાળો બોલી રહ્યો હતો. ત્યારબાદ રૂપેશે ફોન કરી તેના સાળા અને અન્ય બે વ્યકિતને બોલાવ્યા હતા.ત્યારબાદ રૂપેશે સંજીવ સાથે ઝપાઝપી કરી બાજુમાં પડેલી લાકડી માથાના ભાગે મારી હતી. લાકડી વાગવાથી માથામાંથી લોહી નીકળી રહ્યું હોવા છતા અન્ય શખ્સો ગડદાપાટુનો માર મારી રહ્યા હતા. જયારે મિત્રને વધુ મારમાંથી બંટીએ બચાવ્યો હતો. જયારે તેઓ જતા જતા આજે તું તો બચી ગયો છુ પણ અમે તને જીવતો નહી છોડીયે તેમ કહી નાસી ગયા હતા.જયારે ઈજાગ્રસ્ત સંજીવને ૧૦૮ દ્વારા અમદાવાદ સિવિલ સારવાર માટે લઈ ગયા હતા.જયા માથાના ભાગે ત્રણ ટાંકા આવ્યા હતા. જેથી યુવકે ડભોડા પોલીસ મથકે પ્રકાશ લાલવાણી, રૂપેશ મખીજા અને અન્ય બીજા બે શખ્સો સામે ફરીયાદ નોંધાઈ છે.

## ધણપ સ્થિત ચન્દ્રપ્રભુ લબ્ધી ધામે ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર તાલુકા કારોબારી યોજાઈ



ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર ભારતીય જનતા પાર્ટી તાલુકા કારોબારી ધણપ સ્થિત ચંન્દ્રપ્રભુ લબ્ધી ધામે યોજાઈ હતી જેમાં ગાંધીનગર જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલ, ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગુજરાત પ્રદેશ ભાજપના સહ પ્રવકતા હિતેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપના મંત્રી પંકજભાઈ ચૌધરી, એસ.પી. ઠાકોર, કોદરભાઈ પટેલ, જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રમુખ દિલિપભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, આઈ.બી. વાઘેલા, જિલ્લા મહામંત્રી રમણભાઈ દેસાઈ, તાલુકા પ્રમુખ મહોબતસિંહ, તાલુકા મહામંત્રી પિયુષભાઈ પટેલ, લાલભાઈ દેસાઈ, મહોબતજી ઠાકોર, અંજનાબેન પટેલ, નાથુભાઈ ચૌધરી, રમેશભાઈ ચૌધરી, લાલભાઈ ચૌધરી, કાળુસિંહ ઠાકોર, લલિતસિંહ ઠાકોરની ઉપસ્થિતિમાં કારોબારી બેઠક યોજાઈ હતી. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનો મન કી બાત કાર્યક્રમ સાંભળ્યો હતો. તેમજ પાર્ટીના આગામી કાર્યક્રમો વિશે માહિતી આપવામાં આવી હતી.

## વિષમ પરિસ્થિતિમાં વાવોલની મહિલાઓની ચારધામ યાત્રા સંપન



ગાંધીનગર, તા.૩૦

હિંદુ સંસ્કૃતિમાં ચારધામની યાત્રાનું ખૂબ મહત્વ છે, જેમાં બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીનો સમાવેશ થાય છે. કોરોના મહામારીના બે વર્ષ દરમ્યાન ચારધામ યાત્રા બંધ હતી અને અત્યારે ચારધામ યાત્રા ચાલી રહી છે તેમાં શ્રધ્ધાળુઓનો ખૂબ ધસારો જોવા મળી રહ્યો છે. જોકે તાજેતરમાં હવામાનની પરિસ્થિતિ વિષમ બનતાં વચ્ચે યાત્રાને અટકાવવાની ફરજ પડી હતી. ફરી શરૂ થયેલી ચારધામ યાત્રામાં ગાંધીનગરના વાવોલની હરિનગર સોસાયટીની ૧૨ મહિલાઓ સાથે મળીને પડકારોનો સામનો કરતાં મુશ્કેલીભરી ચારધામ યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરીને મંગળવારે પરત ફરી રહી છે. આ મહિલાઓ સાથે માત્ર બે પુરુષ યાત્રિકો જોડાયાં હતાં.વાવોલના હરિનગરની મહિલાઓએ તેમની ચારધામ યાત્રા ગત તા. ૨૦મી મેના રોજ ગાંધીનગરથી હરિદ્વાર ટ્રેનમાં મુસાફરી સાથે શરૂ કરી હતી અને યાત્રા દરમ્યાન તેમણે માઈનસ ડિગ્રીમાં તાપમાન સહિતની વિષમ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો અને બદ્રીનાથ ખાતે તો વાદળ નીચે આવી જતાં સર્જાયેલી ઓક્સિજનની માત્રામાં ઘટાડો થઈ જતાં એક પુરષ સભ્યની તબિયત પણ લથડી હતી જેમને કપૂર સુંઘાડવા સહિતના વિવિધ ઉપચારો કરતાં માંડ રાહત થવા પામી હતી. આ ઉપરાંત કેદારનાથ ખાતે પંહોચ્યા ત્યારે ઉઘાડ નીકળ્યો હતો જેથી સૂર્યના દર્શન થયાં હતાં પરંતુ સાંજે પરિસ્થિતિ વણસતાં ટેન્ટમાં રાત ગુજારવી પડી હતી. આ ધાર્મિક યાત્રામાં નીતાબેન પ્રવિણસિંહ બિહોલા, કાજલબા પી. બિહોલા, ઈલાબેન નિકુંજભાઈ મેહતા, મંજુબેન પી. સુથાર, રમીલાબેન, સંધ્યાબેન પુવાર, માધવીબેન પુવાર, અવનીબા પુવાર, દક્ષાબેન રાવલ અને તેમના પતિ ઉપરાંત કાંતિભાઈ ખંડવાવાલા અને તેમના પત્નિ જોડાયાં હતા. ચારધામ યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરીને તમામ શ્રદ્ધાળુઓ હરિદ્વારથી પરત ગાંધીનગર માટે ટ્રેનમાં બેસી ગયાં છે જેઓ મંગળવારે પરત ફરશે.

## આત્મન ફાઉન્ડેશન દ્વારા માણસા ખાતે શાળાના વિદ્યાર્થીઓ માટે રમતાં રમતાં વિજ્ઞાન શીખીએ - ત્રિદિવસીય શિબિર શરૂ થઈ

ગાંધીનગર, તા.૩૦

બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતી તથા વિવિધ સેવા પ્રવૃત્તિઓ કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા વેકેશનમાં બાળકો સમયનો સરસ ઉપયોગ કરી, નવું કૈંક શીખે તે હેતુથી એક શિબિરનું માણસામાં આયોજન કરવામાં આવ્યું છે. ખાસ તો વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયક અભિરુચિ વિકસે, વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી રાજમાતા દેવકુંવરબા હાઈસ્કૂલ, માણસામાં ત્રણ દિવસની શિબિરનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

રમતાં રમતાં વિજ્ઞાન શીખીએ, જ્ઞાન સાથે ગમ્મતની આ શિબિરમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના અનિલભાઈ પટેલે આજે બાળકોને જીવનમાં વિજ્ઞાનનું મહત્વ, ક્યાં કઈ રીતે વિજ્ઞાનના નિયમો કામ કરે છે, શરીરના વિવિધ અંગો - ઈન્દ્રિયો સાથે પણ વિજ્ઞાન જોડાયેલું છે,

અવકાશ વિજ્ઞાન - વિવિધ ઉપગ્રહો, થ્રી ડી ઈફેક્ટ, વિવિધ સાઉન્ડ ઈફેક્ટ, રોકેટરી સાયન્સ - -એમ જુદા જુદા વૈજ્ઞાનિક સાધનો, નિયમોની સમજ આપી હતી, સાથે પ્રેક્ટિકલ નિદર્શન દ્વારા પણ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. શિબિર આયોજન આત્મન ફાઉન્ડેશન, ગુજકોસ્ટ પ્રેરિત, નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને રાજમાતા દેવકુંવરબા હાઈસ્કૂલ, માણસા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે.

ત્રણ દિવસ આ શિબિર ચાલશે. આજે પ્રથમ દિવસ હતો. શરૂઆતમાં બાળકોએ સરસ પ્રાર્થના રજૂ કરી હતી. પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલાએ સહુને આવકારી ભૂમિકા બાંધી હતી.આ પ્રસંગે પ્રજ્ઞાબેન પટેલ હાર્દિકભાઈ મકવાણા, શિવાંગભાઈ પટેલ( ગાંધીનગર), શાળાના આચાર્ય લક્ષ્મણસિંહ રાવ, પ્રાથમિક શાળાના આચાર્ય પ્રદીપસિંહ વાઘેલા વગેરે સહભાગી થયા હતા.